# (ઓલપાડના મહે. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા.)

(શાંતિલાલ જેરામભાઈ સોલંકી **વિરુધ્ધ** ધનુબેન તે ઠાકોરભાઈ ડાહ્યાભાઈની વિધવા વિગેરે)

**સ્પે.દિ.મુ.નં.૮૦/૨૦૧૮.**

**(જુનો સ્પે.દિ.મુ.નં.૫૩૬/૨૦૧૨)**

## <u>વાદીની આંક–૫ મનાઈ અરજી લગત હુકમ.</u>

**(૧)** વાદીએ હાલનો દાવો મનાઈ, જાહેરાત તથા વેચાણ દસ્તાવેજ રદ કરવા વિગેરે બાબતનો લાવી હાલની અરજીમાં આ કામના પ્રતિવાદીઓ દાવા અરજીના પેરા–૧ મા વર્ણવેલ સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટ મોજે ગામ કુદીયાણા, તા.ઓલપાડના બ્લોક નં.૫૫ જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૬૧–૭૧ જેનો આકાર રૂા.૭.૭૫ પૈસા છે તે ખેડખાતાની જુની શરતની જમીન તથા સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટ મોજે ગામ કુદીયાણા, તા.ઓલપાડના બ્લોક નં.૪૮, જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૫૪–૭૯ જેનો આકાર રૂપિયા ૧૫.૫૩ પૈસા છે તે ખેડખાતાની જુની શરતની જમીન તથા સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટ મોજે ગામ કુદીયાણા, તાલુકો ઓલપાડના બ્લોક નં. ૩૯૬ જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૯૮–૧૪ જેનો આકાર રૂા.૧૧.૪૪ પૈસા છે તે ખેડખાતાની જુની શરતની જમીનો પોતે જાતે કે તેમના માણસો, એજન્ટો, નોકરો, વંશ, વાલી, વારસો તથા વખતો વખતના સકસેસર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, ટ્રાન્સફરીઝ તથા એસાઈનીઝ મારફતે હસ્તે પરહસ્તે પ્રતિવાદીઓ દાવાવાળી જમીનો યા તેનો હરકોઈ ભાગ વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી કે દાવાવાળી જમીનોની આઈડેન્ટીટી બદલાય જાય તેવા કોઈપણ કૃત્ય કરે કરાવે નહી કે કોઈપણ રીતે ડેવલોપ કરે કરાવે નહી કે એન.એ. કરે કરાવે નહી કે પ્લાન મંજુર કરે કરાવે નહી કે બાંધકામ કરે કરાવે નહી કે પ્લોટો પાડે પડાવે નહી કે વાદીઓના હકકો વિરુધ્ધ કોઈપણ કાર્ય કરે કરાવે નહી તેવો આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ દરમ્યાન હુકમ ફરમાવવા માંગણી કરેલ છે.

**(૨)** હાલની અરજી તળે હુકમ થતો હોય પુનરાવર્તન ટાળવા સારુ અરજીની વિગત જણાવવામા આવેલ નથી.

(૩) સદરહુ કામમાં પ્રતિવાદી નં.૨૫ તરફે આંક–૨૬ થી, પ્રતિવાદી નં.૧ ૫, ૧૮, ૧૯, ૨૦ તથા ૨૩ તરફે આંક–૨૯ થી, પ્રતિવાદી નં.૧, ૨, ૩, ૫, ૬ તથા ૧૦ તરફે આંક–૨૮ થી, પ્રતિવાદી નં.૧૧ તરફે જવાબ રજુ થયેલ છે અને તેમા મહદઅંશે તેની હકીકતોનો ઈન્કાર કરવામા આવેલ છે અને પુનરાવર્તન ટાળવા સારુ જવાબની વિગતો અત્રે જણાવવામા આવેલ નથી.

(૪) વાદી તરફે પોતાની દાવા અરજી તથા મનાઈ અરજીના સમર્થનમા આંક–૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૧૫ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

ત્યારબાદ પ્રતિવાદી નં.૨૫ તરફે આંક–૨૭ ના લીસ્ટથી નિ.૨૭/૧ થી નિ.૨૭/૪ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૫) ત્યારબાદ વાદી તરફે આંક–૫૯ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધી અને તેઓએ તેમની દલીલના સમર્થનમા નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે જે માનસહ વંચાણે લીધા.

1.. AIR 1988 RAJASTHAN 188, Shamsher V/s. Rustam and other.

2.. GLR 2000 (3) 2759, Adani Exports Ltd. V/s. Hindustan Organic Chemincals Ltd.

3.. GLR 2002 (4) 2929, Rakesh Shivbhagwan Agrawala V/s. Talati-Cum-Mantri, Sama Baroad & Ors.

4.. GLR 2005 (2) 1370, Gandabhai Dalpatbhai Patel V/s. State of Gujarat & Ors.

પ્રતિવાદી નં.૧૧,૧૫,૧૮,૧૯,૨૦,૨૩,૨૪ તરફે તેઓના રજુ કરેલ જવાબને દલીલનો ભાગ ગણી લેવા જાહેર કરેલ છે.

ત્યારબાદ અન્ય પ્રતિવાદીઓનો આંક–૫ ની દલીલનો હકક નામદાર કોર્ટ તરફથી બંધ કરવામા આવેલ છે.

(૬) આ અરજીનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

૩. શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમા.
૨. નકારમાં.
૩. નકારમાં.
૪. આખરી હુકમ મુજબ.

– : : **કા ર ણો** : : –

**મુદા નં.૧ થી ૩** :–

ઉપરોકત મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય હકીકતોનાં પુનરાવર્તનને ટાળવા તમામ મુદાની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૮) કાયદાનો એ પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે ગમે ત્યારે કોઈ અરજી કોર્ટ સમક્ષ આપે ત્યારે તેને તરત મનાઈહુકમ આપી દેવો જોઈએ નહી. મનાઈ અરજીને મંજુર કરવી એ કોર્ટનો ન્યાયીક વિશેષાધીકાર છે. અને જયારે પણ મનાઈ માંગવામા આવે ત્યારે મનાઈ મંજુર કરવાના ૩ મહત્વના સિધ્ધાંતના આવશ્યક તત્વો શોધવા કોર્ટ ફરજથી બંધાયેલી છે. વચગાળાની મનાઈ અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાનમા રાખવાના મહત્વના ૩ સિધ્ધાંતો માનનીય ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચેના કેસમા પ્રસ્થાપીત કરવામાં આવેલા છે.

Registrar of High Court of Gujarat, Ahemadavad vs. B. J. Patel, reported in 1997 (2) G.L.H. 240. Hon'ble Gujarat High Court has held that “It may also be noted

at this stage that the parameters for the grant of interlocutory order though are not prescribed in the constitution, but are analogous to the provisions of order-39, R-1 & 2 of the Code of Civil Procedure, 1908.” Our Hon'ble Gujarat High Court has further held in this case that “It is a settled proposition of law that interim order during the pendency of the main dispute can be granted provided the following ingredients are established to the hilt (1) Primafacie case (2) Balance of Convenience and (3) irreparable injury.” As laid down by the Hon'ble Gujarat High Court in this case that mere existence of one of the factors is not sufficient. The our Hon'ble Gujarat High Court has laid down the principles guiding in deciding the application for ad-interim injunction under the provision of Order 39, Rule 1, 2. The Hon'ble High Court has laid down the settled principles regarding the injunction and held that “All the three principles governing the grant or refusal of the interlocutory injunction or order must co-exist. It is not enough even strong primafacie case is shown, it must be successfully shown that there is strong primafacie case and irreparable harm will be caused to the petitioner if the interlocutory order is refused and balance of convenience tilts in favour of the petitioner.” Taking into consideration the above principles enunciated by the Hon'ble Gujarat High Court, the plaintiff is required to establish the said three parameters are in his favour.

(૯) આમ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ મનાઈ હુકમ આપવાની દાદ તે અદાલતની વિવેકાધીન દાદ છે. પરંતુ વિવેક બુધ્ધિનો ઉપયોગ કોર્ટને નીચેની બાબતોનો સંતોષ થયાને આધારીત છે.

**<u>કામચલાઉ મનાઈહુકમને નિયંત્રિત કરતાં કાનૂની સિધ્ધાંતો જોઈએ તો</u>**

સીવીલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ નાં ઓર્ડર–૩૯, રૂલ–૧ અથવા રૂલ–ર ની જોગવાઈ મુજબ નિયત થયેલ સંજોગો અસ્તિત્વમાં હોય તો કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરી શકાય. રૂલ–૧ અથવા રૂલ–ર ની જોગવાઈ હેઠળના સંજોગો જો અસ્તિત્વમાં ન હોય તો અદાલતને કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરવાની હકુમત નથી. પરંતુ રૂલ–૧ હેઠળનાં સંજોગો અસ્તિત્વમાં હોય તો પણ અદાલત કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ આપવા કે, મંજુર કરવા બંધાયેલ નથી કે,

અદાલતને કામચલાઉ વચગાળાનો મનાઈહુકમ આપવા કે મંજુર કરવા ફરજ પાડી શકાય નહિ. રૂલ–૧ હેઠળની કામચલાઉ કે , વચગાળાના મનાઈહુકમ અંગેની જોગવાઈ સંચકતપણે અદાલતની વિવેકબુધ્ધિ ઉપર આધારિત છે.

કામચલાઉ મનાઈહુકમ માંગનાર વ્યકિતએ કોર્ટને સંતોષ થાય તે રીતે બતાવવું જ પડે કે,

**:૧:** દાવામાં મહત્વનાં અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે અને તેમાં સફળ થાય તેવી પુરી શકયતા છે.

**:૨:** મનાઈહુકમ માંગનાર વ્યકિતનાં હકકોનાં રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ જરૂરી છે કે, જેથી તે પોતાનો હકક પ્રસ્થાપિત કરવામાં સફળ થાય.

**:૩:** જો મનાઈ હુકમ માંગનાર વ્યકિતને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો તે વ્યકિત નાણાંથી ભરપાઈ થઈ શકે નહિ તેવું અસહય નુકશાન થવાનો સંભવ છે.

**(૧૦)** આ કામના વાદીની દલીલ મુજબ વાદીના નાના ડાહયાભાઈ લાલાભાઈ કંથારીયાની માલીકીની દાવાવાળી જમીનો વડીલો પાર્જીત ચાલી આવેલ અને વાદીનો જન્મથી કાયદેસરનો વણ વહેંચાયેલ હકક હીસ્સો ચાલી આવેલ છે અને દાવાવાળી જમીનો મોજે કુદીયાણાના બ્લોક નં.૫૫, ૪૮ તથા ૩૯૬ વાળી જુનીશરતની જમીનો આવેલ. આ કામના વાદીના માતા જમનાબેન જેરામભાઈ તે ડાહયાભાઈ લાલાભાઈ કંથારીયાની દિકરી થતી હોય આ કામના વાદી જમનાબેનના દિકરા થતા હોય આ કામના પ્રતિવાદી નં.૧ થી ૬ વાદીના મામા ઠાકોરભાઈના વારસદાર છે. પ્રતિવાદી નં. ૭ વાદીના મામા તથા પ્રતિવાદી નં. ૮ થી ૧૦ વાદીના મામા જેરામભાઈના વારસદાર છે તથા પ્રતિવાદી નં.૧૧ વાદીના મામા તથા પ્રતિવાદી નં.૧૨ થી ૧૫ વાદીના માસી મણીબેનના વારસદાર છે. પ્રતિવાદી નં.૧૬, ૧૭ વાદીના માસી છે અને પ્રતિવાદી નં.૧૮ થી ૨૦ વાદીના માસી મર્હુમ ભાણીબેનની દિકરીના વારસદાર છે અને પ્રતિવાદી નં.૨૧ થી ૨૪ વાદીના ભાઈ તથા બહેનો છે અને પ્રતિવાદી નં.૨૫ દાવાવાળી મીલકત પૈકી બ્લોક નં.૩૯૬ વાળી જમીન ખરીદનાર છે. આમ સદરહુ દાવાવાળી જમીન ડાહયાભાઈ લાલાભાઈ કંથારીયાની વડીલોપાર્જીત ચાલી આવેલ

અને  ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયા તા.૧૪/૪/૧૯૮૨ ના રોજ ગુજરી ગયેલ. આ કામના પ્રતિવાદીઓએ વાદીના હકક વિરુઘ્ઘ દાવાવાળી જમીન અંદરો અંદર વહેંચણી કરી દીધેલ અને વાદીના માતૃશ્રી જમનાબેન તે ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયાની દિકરી, મણીબેન તે ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયાની દિકરી , હસુબેન તે ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયાની દિકરી, ગીતાબેન તે ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયાની દિકરીની બોગસ સહી ઉપજાવી કાઢી તદન ખોટી રીતે તેઓના નામ ૭/૧૨ ના રેકર્ડમાથી કમી કરાવી દીધેલ. વધુમાં દલીલ કરી જણાવેલ છે કે,દાવાવાળી જમીનમા વાદીનો કાયદેસરનો વણ વહેંચાયેલ હકક હીસ્સો ચાલી આવેલ અને પ્રતિવાદીઓએ વાદીના હકક વિરુઘ્ઘ દાવાવાળી જમીનની અંદરો–અંદર વહેંચણી કરી નાંખેલ છે અનેપ્રતિવાદીઓએ દાવાવાળી જમીન પૈકી અનુક્રમ નં.૧ બ્લોક નં. ૫૫ વાળી જમીન પ્રતિવાદી નં. ૭ થી ૧૦ નાને તથા અનુક્રમ નં.ર બ્લોક નં.૪૮, અનુક્રમ નં.૩ બ્લોક નં.૩૯૬ વાળી જમીન ઠાકોરભાઈ ડાહ્યાભાઈ ગુજરી જતા પ્રતિવાદી નં.૧ થી ૬ ના નામો ૭/૧૨ ના રેકર્ડમા દાખલ કરવામા આવેલ અને તે બાબતે વાદી કે   ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયાના વારસદારોને કોઈ નોટીસ આપવામા આવેલ નથી અને દાવાવાળી જમીનમાથી વાદીનો હકક હીસ્સો આપવાની બાંહેધરી પ્રતિવાદી નં.૧ થી ૬ તથા ૭ નાએ આપેલ હોવા છતા બ્લોક નં.૪૮ તથા બ્લોક નં.૩૯૬ વાળી જમીન ત્રાહીતોને વેચાણ કરવાની પરેવી કરી રહેલ અને આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૬ ના મેળાપીપણામા દાવાવાળી જમીન પૈકીની બ્લોક નં.૩૯૬ વાળી જમીનમાથી વાદીનો હકક ડુબાડવા ઈરાદા પુર્વક પ્રતિવાદી નં.ર૫ ભરતભાઈ છગનભાઈ પટેલને વેચાણ કરી નાંખેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૮૬૭૩ થી તા.ર૪/૮/ર૦૧ર ના રોજ નોંધાયેલ અને પ્રતિવાદી નં.ર૫ બોનાફાઈડ પરચેઝર નથી અને દાવાવાળી જમીન પૈકી અનુક્રમ નં.૧ બ્લોક નં.૫૫ વાળી જમીનના રેવન્યુ રેકર્ડમા પ્રતિવાદી નં. ૭ તથા ૮ થી ૧૦ ના નામે ચાલી આવેલ હોય અને તેમા વાદીએ તેમનો હકક હીસ્સાની માંગણી કરતા હકક હીસ્સો આપવા માંગતા નથી તેમ જણાવી જમીન વેચી નાંખવાની ધાક ધમકી આપી રહેલ છે. આમ દાવાવાળી જમીન વડીલો પાર્જીત છે અને વાદી કે તેમના માતૃશ્રીએ કોઈ રજીસ્ટર્ડ લખાણ કરી આપેલ નથી

અને વાદીના માતૃશ્રી જમનાબેન જેરામભાઈ તે ડાહયાભાઈ લાલાભાઈ કંથારીયાની દિકરી તા.૩૦/૧૦/૯૩ ના રોજ ગુજરી જતા સદરહુ દાવાવાળી જમીનમા વાદીના માતૃશ્રીનો ૧/૮ હીસ્સો પહોંચે છે અને તેઓ વાદી તથા પ્રતિવાદી નં.૨૧ થી ૨૪ ના હીસ્સા ગણતા ૧/૫ હીસ્સો દાવાવાળી જમીનમા જન્મથી ચાલી આવેલ છે. આમ સદરહુ દાવાવાળી જમીન વડીલો પાર્જીત છે અને વાદીનો વણ વહેંચાયેલ હકક, હીસ્સો ચાલી આવેલ તેથી હાલની મનાઈ અરજીમા માંગ્યા મુજબની દાદ અપાવવા માંગણી કરેલ છે.

આ કામના વાદી તરફથી દાવાવાળી જમીન પૈકીની મોજે કુદીયાણાના બ્લોક નં.૩૯૬ વાળી જમીન અંગે સમાધાન થઈ ગયેલ હોય અને આંક–૩૮ થી સદરહુ જમીન અંગેનો હકક વાદીએ ઉઠાવી લીધેલ હોવાની પુરસીસથી જાહેર કરેલ અને બ્લોક નં.૪૮ વાળી જમીન બાબતે વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૬, ૧૫, ૧૮ થી ૨૦ તથા ૨૩ વચ્ચે સમાધાન થયેલ અને તે અંગેનુ સમાધાન પુરસીસ આંક–૫૨ થી રજુ કરેલ છે તથા આંક–૫૩ થી હકક વાદીએ ઉઠાવી લીધેલ હોવાની પુરસીસથી જાહેર કરેલ છે. આમ વાદી તરફે રજુ થયેલ સમાધાન પુરસીસથી દાવાવાળી જમીન પૈકી બ્લોક નં.૪૮, ૩૯૬ વાળી જમીન બાબતે દાવો આગળ ચલાવવાનો રહેતો ન હોવાનુ જણાવેલ છે અને તે સંજોગોમા દાવાવાળી જમીન પૈકી બ્લોક નં.૨૫૫ વાળી જમીન સંદર્ભે દાવા અરજી ચાલી રાખી મનાઈ હુકમની માંગણી કરેલ છે.

પ્રતિવાદીપક્ષેની જવાબ તકરાર જોતા સદરહુ દાવાવાળી જમીન મર્હુમ ડાહયાભાઈ લાલાભાઈ કંથારીયાની વડીલો પાર્જીત ચાલી આવેલ નથી અને દાવાવાળી જમીનમા વાદીના માતૃશ્રી જમનાબેનનો હકક, હીસ્સો ચાલી આવેલ ન હતો કે ચાલી આવેલ નથી. મર્હુમ ડાહયાભાઈ લાલાભાઈ કંથારીયાના તમામ પુત્રી વારસદારોના લગ્ન તેમની હયાતી દરમ્યાન મોટો ખર્ચ કરી કરાવી દીધેલ અને તેમના પતિના નામે સાસરીમા મીલકતો ધરાવે છે, આર્થિક સ્થિતિ ખુબ જ સારી છે. વાદીના માતૃશ્રી જમનાબેનને અન્ય પુત્રી વારસદારો જેઓના લગ્ન સમયે કિંમતી ચીજવસ્તુઓ, ભેદ સોગાદ, દર–દાગીના આપેલ છે અને ડાહયાભાઈ લાલાભાઈ કંથારીયાના પુત્ર વારસદારોએ વાદીને ત્યાં શુભ–અશુભ પ્રસંગ સમયે પણ મોટી રકમ ખર્ચ કરી આર્થિક તેમજ સામાજીક મદદ કરી

છે અને મર્હુમ  ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયા તા.૧૪/૪/૮૨ ના રોજ ગુજરી જતા સદરહુ દાવાવાળી જમીનના સ્વતંત્ર માલીક કબજેદાર  ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયાના પુત્ર વારસદાર ખુશાલભાઈ ડાહ્યાભાઈ, જેરામભાઈ ડાહ્યાભાઈ, ઠાકોરભાઈ ડાહ્યાભાઈની વારસાઈ કરાવી તેમના પંચો રૂબરૂ સંમતિ દર્શક જવાબ આપી તે અંગેની વારસાઈ નોંધ નં.૨૩૩૮ તા.૨૮/૬/૮૭ ના રોજ પાડવામા આવેલ અને  ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયાના પુત્ર–પુત્રી વારસદારોને ૧૩૫–ડી ની નોટીસની બજવણી કરી તે એન્ટ્રી પ્રમાણીત કરવામા આવેલ. મર્હુમ  ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયાની વારસાઈની કાર્યવાહી ૧૯૭૭ ની સાલમા કરવામા આવેલ અને તે નોંધ બાબતે પણ વાદીના માતૃશ્રી જમનાબેને તેમનો હકક, હીસ્સો પહોંચતો ન હોય તે બાબતે તેઓએ કોઈ તર–તકરાર કરેલ નથી. આમ,છતા ૨૫ વર્ષ બાદ હકક, હીસ્સા માટેની ખોટી તકરાર પૈસા પડાવવા માટે કરેલ છે અને દાવાવાળી જમીનના ગામ દફતરે પાડવામા આવેલ નોંધ બાબતે પણ જમનાબેનના વારસદારોએ રેવન્યુ રેકર્ડમા સને ૨૦૦૬ થી તકરાર કરેલ હતી તે તકરાર નાયબ કલેકટર ઓલપાડ પ્રાંત સુરત કોર્ટે તથા કલેકટરશ્રી સુરતે નામંજુર કરતો હુકમ કરેલ છે અને નોંધ નં.૨૩૩૮ કાયમ રાખવામા આવેલ. આમ વાદી નામદાર કોર્ટમા શુધ્ધબુધ્ધિ પુર્વક આવેલ નથી. આ કામના વાદીના માતૃશ્રી લગ્ન બાદ સંયુકત કુટુંબના સભ્ય રહેલ નથી કે કો–પાર્સનર રહેલ નથી અને વાદીના માતૃશ્રી જમનાબેનનો દાવાવાળી જમીન કોઈપણ જાતના હકક, હીસ્સો ન હોય જેથી દાવા અરજી તથા મનાઈઅ રજી રદ કરવા માંગણી કરેલ છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા વાદીના જણાવ્યા મુજબ સદરહુ દાવાવાળી જમીન ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયાની વડીલો પાર્જીત ચાલી આવેલ અને આ કામના વાદી તરફથી રજુ થયેલ નિ.૩/૯ થી નોંધ નં.૨૩૩૭ તા.૧૨/૬/૮૭ ની વારસાઈ અંગેની નોંધ છે જે વંચાણે લેતા  ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયા તા.૧૪/૪/૮૨ ના રોજ ગુજરી જતા તેમના નામે ચાલતી તમામ જમીનમા તેમના વારસદારો ખુશાલભાઈ ડાહ્યાભાઈ, જેરામભાઈ ડાહ્યાભાઈ તથા ઠાકોરભાઈ ડાહ્યાભાઈના સંયુકત નામે દાખલ કરવા અંગેની નોંધ છે. નિ.૩/૧૦ થી તલાટી રૂબરૂનો પંચકયાસ છે, નિ.૩/૧૧ થી પેઢીનામુ રજુ થયેલ

છે, નિ.૩/૬ થી ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયાનુ પેઢીનામુ રજુ થયેલ છે, નિ.૩/૭ થી તલાટી રૂબરૂ આપેલ જવાબ રજુ થયેલ છે જે વંચાણે લેતા અમારા પિતા નામે ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયા મજકુર ગામે ગુજરી જતા તેમના વારસોમા તેમના ભાઈઓ તથા ચાર બહેનો છે મર્હુમના નામે કુદીયાણા ગામે જમીન આવેલ છે જે જમીનમા વારસાઈ હકકે ત્રણ ભાઈના સંયુકત નામો દાખલ કરવા તથા મજકુર જમીનમાથી તેમની બહેનો નામ દાખલ કરવા ઈચ્છતી નથી તેવો જવાબ આપવામા આવેલ છે, નિ.૩/૮ થી મણીબેન ડાહ્યાભાઈ, જમનાબેન ડાહ્યાભાઈ, હસુબેન ડાહ્યાભાઈ, ગીતાબેન ડાહ્યાભાઈએ તલાટી રૂબરૂ તા.૨૨/૬/૮૭ ના રોજ આપેલ છે જે વંચાણે લેતા કુદીયાણા ગામે તેમના પિતા ડાહ્યાભાઈ લાલાભાઈ કંથારીયા ગુજરી જતા તેમના વારસદારોમા ચાર બહેનો અને ત્રણ ભાઈઓ છે તે જમીનમા વારસાઈ અંગે ત્રણ ભાઈઓનો સંયુકત હીસ્સો દાખલ કરવો અને તેમના નામો આ જમીનમા દાખલ કરવા ઈચ્છતી નથી કારણ કે તેમના ભાઈઓએ તેમના સારા-માથા પ્રસંગે વાર-વહેવાર કરતા આવેલ છે તેવો જવાબ આપેલ છે. આમ ઉપરોકત હકીકતો જોતા આ કામના વાદીના માતૃશ્રી જમનાબેને તલાટી રૂબરૂ સદરહુ દાવાવાળી જમીનમા તેઓના નામ દાખલ કરવા ઈચ્છતી નથી તેવો જવાબ આપવામા આવેલ છે અને તે અંગેની વારસાઈ નોંધ નં.૨૩૩૮ થી તા.૨૨/૬/૮૭ ના રોજ પડેલ છે. આ કામના વાદીના માતૃશ્રીએ તેમની હયાતી દરમ્યાન સદરહુ નોંધને પડકારેલ હોય, કોઈ તર-તકરાર ઉઠાવેલ હોય તેવી કોઈ હકીકત વાદી તરફે રેકર્ડ ઉપર લાવવામા આવેલ નથી અને સદરહુ નોંધ જોતા તલાટી કમ મંત્રી કુદીયાણાએ તા.૨૨/૬/૮૭ ના રોજ વાદીના માતૃશ્રીએ જવાબ આપીને તેમના પિતા તા.૧૪/૪/૮૨ ના રોજ ગુજરી જતા તેમના ત્રણેય ભાઈઓના સંયુકત નામો દાખલ કરવા જવાબ આપેલ હોવાનુ જણાય છે અને સદરહુ નોંધ દાખલ થયા બાદ હાલના વાદીના માતૃશ્રી તરફથી તે નોંધ પડકારવામા આવેલ હોય તેવી હકીકત જણાતી નથી વાદીના માતૃશ્રીએ તેઓની હયાતીમાં સદર દાવાવાળી જમીનોમાં તેઓના હકક હીસ્સા માટેની માંગણી કરેલ હોવાની તેવી કોઈ હકીકત રેકર્ડ પર હાલના તબકકે લાવેલ નથી અને તે તમામ સંજોગોમા ડીલે, લેચીસ, વેવરનો સિધ્ધાંત ધ્યાને લેતા આંક-૫ ના તબકકે સદરહુ વાદી માંગ્યા મુજબની દાદ

મેળવવા હકકદાર બનતા નથી. જેથી વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ હોવાનુ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા આધારે હાલના તબકકે જણાય આવતુ નથી.

જેથી  વાદી તેનો કોઈ પ્રથમદર્શનીય કેસ સાબીત કરી શકેલ નહી. તેમજ વાદીને નાણામાં  ન વળી  શકે તેવુ નુકશાન વાદીની તુલનામાં પ્રતિવાદીની તરફેણમાં વઘુ જણાઈ આવતુ હોય ઉપરોકત તમામ હકીકત ઘ્યાને લેતા તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ હોવાનુ જણાઈ આવતુ નથી. જેથી માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ નહી આપવાથી વાદીઓને નાંણામાં આંકી ન શકાય તેવુ કોઈ નુકશાન હોવાનુ પણ જણાઈ આવતુ નથી, તેમજ સગવડતા અગવડતાની સમતુલા અને ઈરરીપેરેબલ લોસના પાસાઓ પણ વાદીઓ કરતા પ્રતિવાદીની તરફેણમાં વઘુ હોવાનુ જણાઈ આવે છે. આમ વાદીઓ વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેના તમામ પાસાઓ પોતાની તરફેણમાં હોવાનુ રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ ન હોય, હાલના તબકકે વાદીઓ પોતાની મનાઈ હુકમની અરજીમાં માંગ્યા મુજબનો મનાઈ હુકમ મેળવવા હકકદાર બનતા નથી, તેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ ઉપર મુજબ નકારમાં આપી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **<u>-::હુકમ::-</u>**

''**૧**'' વાદીની આંક-૫ ની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

''**૨**'' ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ: ૦૮ મી, માહે-નવેમ્બર, સને-૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૧૧/૨૦૨૪
સ્થળ -ઓલપાડ

(જીગ્નેશકુમાર સુરેશભાઈ પંચાલ)
પ્રિન્સી. સિનિયર સિવિલ જજ,-ઓલપાડ.
[કોડ નં. જી.જે.-૦૦૯૮૯]